RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 32 * Date: 21.11.2024,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# મહારાષ્ટ્રમાં ૨૮૮ બેઠકો પર ૫૮% મતદાન



બુધવારે સાંજે ૫ વાગ્યા સુધી મહારાષ્ટ્રની ૨૮૮ સીટો પર ૫૮.૨૨% મતદાન થયું હતું. સૌથી વધુ મતદાન ગઢચિરોલીમાં ૬૯.૬૩% અને સૌથી ઓછું મતદાન મુંબઈ સિટીમાં ૪૯.૦૭% થયું હતું. પરિણામ ૨૩ નવેમ્બરે આવશેબીડ વિધાનસભા મતવિસ્તારના અપક્ષ ઉમેદવાર બાલાસાહેબ શિંદેનું મતદાન કેન્દ્ર પર જ હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. ધુલેમાં એક મતદાન કેન્દ્ર પર ભાજપ અને વંચિત બહુજન અઘાડીના કાર્યકરો વચ્ચે લડાઈ થઈ હતી.બીજી તરફ, કોંગ્રેસના નેતા શ્રીનિવાસ બીવીએ શિરડીમાં નકલી મતદાનનો આરોપ લગાવ્યો હતો. વીડિયો શેર કરતી વખતે તેમણે દાવો કર્યો હતો કે ધુલેની યુવતીએ શિરડીમાં મતદાન કર્યું હતું.૧. શરૂઆતમાં ઘણી જગ્યાએ ઈફસ્માં ??ખામી, મતદાનમાં વિલંબ માલેગાંવ આઉટર વિધાનસભા મતવિસ્તારના બૂથ નંબર ૨૯૨ પર સવારે લગભગ ૮:૩૦ વાગ્યે ઈફસ મશીન બંધ થઈ ગયું હતું. ઈફસ મશીનમાં અમાન્ય મતો દેખાઈ રહ્યા હતા. નાશિકના પંચવટી વિસ્તારના ઘણા બૂથ પર ટેકનિકલ ખામીના કારણે ૨૦ મિનિટ સુધી મતદાન અટકાવવામાં આવ્યું હતું.મધ્ય નાગપુર વિધાનસભા ક્ષેત્રમાં સંત કબીર પ્રાથમિક શાળાના મતદાન કેન્દ્રમાં ઈફસ્માં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. મતદાન પ્રક્રિયા એક કલાક મોડી શરૂ થઈ હતી. ઉત્તર નાગપુર સંસદીય ક્ષેત્રના કસ્તુરબા નગર વિસ્તારમાં પણ ઈવીએમ બંધ થઈ ગયા.

૨. બિટકોઈન કૌભાંડ પર આરોપો અને પ્રતિ-આક્ષેપોનો મારો વોટિંગ દરમિયાન બીજેપી નેતા સંબિત પાત્રાએ બિટકોઈન કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે સુપ્રિયા સુલે અને નાના પટોલેના નામ લીધા અને કહ્યું કે આ કૌભાંડની તપાસ થવી જોઈએ. ભાજપનો આરોપ છે કે સુલે અને પટોલેએ ચૂંટણીને પ્રભાવિત કરવા માટે બિટકોઈન દ્વારા વિદેશી નાણાંનો ઉપયોગ કર્યો હતો. સુપ્રિયા અને શરદ પવારે આ આરોપોને ફગાવી દીધા હતા. શરદ પવારે કહ્યું કે આરોપ લગાવનાર પૂર્વેજી રવીન્દ્ર પાટીલ જેલમાં છે. ભાજપ વિનોદ તાવડેના કેસથી પરેશાન છે અને અમારા પર ખોટા આરોપો લગાવી રહી છે.૩. ભાજપ મહાસચિવનું કેશ કૌભાંડ પર નિવેદન બહુજન વિકાસ આઘાડી (મ્ફછ)ના નેતા હિતેન્દ્ર ઠાકુરે ભાજપના મહાસચિવ વિનોદ તાવડેના રોકડ કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે પૂછ્યું કે વિનોદ તાવડેએ આખી હોટલ શા માટે બુક કરાવી હતી. હવે તાવડે કહી રહ્યા છે કે હું આ હોટલનો માલિક છું. ડર્યા વગર જૂઠું બોલવું તેની નીતિ બની ગઈ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ તાવડેના કેસ પર સવાલ ઉઠાવ્યા હતા. તેના પર વિનોદ તાવડેએ કહ્યું કે રાહુલ ગાંધીએ પહેલા પોતાની પાસે ૫ કરોડ રૂપિયા હોવાનો પુરાવો આપવો જોઈએ.૪. સીએમ એકનાથ શિંદે તેમના પરિવાર સાથે મતદાન કરવા પહોંચ્યા મુખ્ય પ્રધાન એકનાથ શિંદે થાણેમાં તેમના સમગ્ર પરિવાર સાથે મતદાન કર્યું. તેમણે કહ્યું- મહાયુતિ ગઠબંધનને ચૂંટણીમાં બહુમતી મળશે. લોકશાહીનો આ તહેવાર મહારાષ્ટ્રને સારા ભવિષ્ય તરફ લઈ જશે. આ એક મજબૂત મહારાષ્ટ્ર બનાવવાની તક છે.

## પૂર્વ IPSનો આરોપ-મહારાષ્ટ્ર ચૂંટણીમાં બિટકોઈન કૌભાંડના પૈસા:સુપ્રિયા સુલે-નાના પટોલેનો સમાવેશ

મહારાષ્ટ્રમાં ૨૦નવેમ્બરે ૨૮૮ વિધાનસભા બેઠક માટે મતદાન ચાલુ થઈ ગયું છે, પરંતુ આના માત્ર ૧૨ કલાક પહેલાં પુણેના પૂર્વ આઈપીએસ અધિકારી રવીન્દ્ર નાથ પાટીલે આરોપ લગાવ્યો હતો કે બિટકોઈનકૌભાંડનાં નાણાંનો મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છેરવીન્દ્રએ ન્યૂઝ એજન્સી એએનઆઈને જણાવ્યું - બિટકોઇન ડીલરે પોતે તેમને કહ્યું છે કે બારામતીના સાંસદ અને મહારાષ્ટ્ર કોંગ્રેસ-અધ્યક્ષ પણ આમાં સામેલ છે. તેઓ રૂ. ૧૫૦ કરોડના બિટકોઈન વેચી ચૂક્યા છે. તેમની પાસે હજુય કરોડો રૂપિયા છે.આ આરોપો પછી ભાજપે મંગળવારે રાત્રે એક પ્રેસ-કોન્ફરન્સ યોજી હતી, જેમાં પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ ડીલર,



અમિતાભ ગુપ્તા, સુપ્રિયા સુલે, નાના પટોલે વચ્ચેની વાતચીતનો ઓડિયો શેર કર્યો હતો. તેમણે પૂછ્યું- ડીલર જેની વાત કરી રહ્યો છે તે મોટા લોકો કોણ છે?અહીં બારામતીથી લોકસભા સાંસદ સુપ્રિયા સુલેએ રવીન્દ્ર નાથ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ઠ પરની પોસ્ટમાં પણ લખ્યું- મ્ત્ન ગંદી રાજનીતિ કરી રહી છે. સુલેએ સુધાંશુ ત્રિવેદી સામે માનહાનિનો કેસ દાખલ કરવાની પણ ચેતવણી આપી છે.પ્રથમ ઓડિયો: આમાં સારથિ એસોસિયેટ્સ ઓડિટ ફર્મના કર્મચારી ગૌરવ મહેતા દ્વારા પોલીસ કમિશનર અમિતાભ ગુપ્તાને મોકલવામાં આવેલી વૉઈસ નોટ છે. ગૌરવ અંગ્રેજીમાં કહે છે- અમે પાટીલ અને ઘોડે (પાટીલના સહયોગી)નાં નામે ૪ ક્રિપ્ટો વોલેટ બનાવ્યાં હતાં. આ વોલેટમાંથી વ્યવહારો કરવામાં આવતા હતા. જો કોઈ તપાસ થશે તો તે જ બે લોકો (પાટીલ અને ઘોડે)ને એમાં ફસાવી દેવામાં આવશે. મારા પર વિશ્વાસ કરો, કોઈ અમારા સુધી પહોંચી શકશે નહીં.બીજો ઓડિયો: આમાં ગૌરવ મહેતાને મોકલવામાં આવેલી સુપ્રિયા સુલેની ૩ વૉઈસ નોટ્સ છે. સુપ્રિયા અંગ્રેજીમાં કહી રહી છે – ગૌરવ, તમે અમને જવાબ કેમ નથી આપતા? અમને પહેલા રોકડની જરૂર છે. બીજી નોટમાં સુપ્રિયા કહે છે- તમારો કોઈ માણસ જવાબ નથી આપતા. અમારી સાથે રમતો ન રમો. પૈસાનું શું થયું? ગુપ્તાએ કહ્યું હતું- તમારી પાસે બધા પૈસા છે.

## થાઈલેન્ડ ફરવાનો ચસકો ભારતીયોને પડ્યો ભારે: એર ઈન્ડિયાની ફ્લાઇટમાં સર્જાઇ ટેક્નિકલ ખામી

થાઈલેન્ડના ફૂકેટમાં છેલ્લા ૮૦ કલાકથી ૧૦૦થી વધુ ભારતીય મુસાફરો ફસાયેલા છે. આ મુસાફરો એર ઈન્ડિયાની ફ્લાઈટ દ્વારા દિલ્હી પરત ફરી રહ્યા હતા, પરંતુ ટેક્નિકલ સમસ્યાના કારણે પ્લેન ટેકઓફ થઈ શક્યું ન હતું.જણાવવામાં આવ્યું છે કે દિલ્હી જતી ફ્લાઈટ ૩ વખત સ્થગિત કરવામાં આવી હતી. એ પણ એકવાર ઉડાન ભરી, પરંતુ અઢી કલાક પછી એ ફૂકેટ એરપોર્ટ પર પાછી આવી.યાત્રીઓએ તેમની સમસ્યાઓ સોશિયલ મીડિયા પર શેર કરી હતી. તેમના જણાવ્યા અનુસાર, ફ્લાઈટ ૧૬ નવેમ્બરની રાત્રે દિલ્હી માટે રવાના થવાની હતી, પરંતુ તકનીકી ખામીને કારણે એને ૬ કલાક માટે મોકૂફ રાખવામાં આવી હતી. કલાકો સુધી રાહ



જોયા બાદ મુસાફરોને ચઢવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ એક કલાક પછી ફ્લાઈટ રદ કરવામાં આવી હતી.બીજા દિવસે તેમને કહેવામાં આવ્યું કે ફ્લાઈટ હવે ફિક્સ થઈ ગઈ છે. પ્લેને ઉડાન ભરી, પરંતુ લગભગ અઢી કલાક પછી ફૂકેટ પરત ફરી. ટેક્નિકલ ખામીને ટાંકીને મુસાફરોને ફરીથી ઉતારવામાં આવ્યા હતા. ત્યારથી તમામ મુસાફરો ફૂકેટમાં ફસાયેલા છે, જેમાં વૃદ્ધો અને બાળકોનો પણ સમાવેશ થાય છે.યાત્રીનો આરોપ- એરલાઈન્સ સાચી માહિતી નથી આપતી મુસાફરોનો આરોપ છે કે એરલાઈનના ક્રૂ-મેમ્બર્સ સાચી માહિતી આપતા નથી, જોકે એરલાઈને કહ્યું હતું કે મુસાફરોને રહેવાની સગવડ આપવામાં આવી છે અને તેમને વળતર પણ આપવામાં આવશે. હાલમાં લગભગ ૪૦ મુસાફરો હજુ પણ ફુકેટમાં છે, જેમને આજે સાંજ સુધીમાં મોકલવાનું આયોજન છે.પાઈલટે જયપુરની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ છોડી દીધી પેરિસથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ઈન્ટરનેશનલ ફ્લાઈટના પાઈલટે તેને જયપુરમાં છોડી દીધી હતી. પાયલટે કહ્યું હતું કે તેની ડ્યૂટી અવર્સ પૂર્ણ થઈ ગયા છે. ફ્લાઈટમાં સવાર ૧૮૦થી વધુ મુસાફરો જયપુર એરપોર્ટ પર ૯ કલાક સુધી પરેશાન રહ્યા હતા. આ પછી તેમને રોડ માર્ગે દિલ્હી મોકલવામાં આવ્યા હતા.પેરિસથી દિલ્હી આવી રહેલા મુસાફર અખિલેશ ખત્રીએ કહ્યું- એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈં-૨૦૨૨ રવિવારે રાત્રે ૧૦ વાગ્યે પેરિસથી દિલ્હી માટે રવાના થઈ હતી.

## ગાંધીનગરની નર્મદા કેનાલમાં મોતની છલાંગ લગાવનાર યુવતીનો આબાદ બચાવ

ગાંધીનગરના રાયપુરથી નજીકના અંતરે આવેલા બ્રિજ પરથી મોતની છલાંગ લગાવનાર યુવતીને સ્થાનિકોએ દોરડા નાખીને ભારે જહેમત પછી આબાદ રીતે બચાવી લઈ સરાહનીય કામગીરી કરવામાં આવી છે. કેનાલમાં કૂદકો માર્યા પછી યુવતી ત્રણેક કિલો મીટર સુધી તણાઈને લીંબડીયા કેનાલ તરફ પહોંચી હતી. અને સ્થાનિકોની સતર્કતા થી યુવતીનો આબાદ બચાવ થયો છેગાંધીનગરના રાયપુરથી નજીકના અંતરે આવેલા બ્રિજ પરથી યુવતીએ મોતની છલાંગ લગાવી હતી. જે સદનસીબે કેનાલમાં ડુબવાની જગ્યાએ ત્રણેક કિલો મીટર સુધી તણાઈને લીંબડીયા નર્મદા કેનાલ તરફ પહોંચી હતી. જેને સ્થાનિકોએ દોરડા નાખીને બચાવી લેવાઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર રાયપુર પાસેના બ્રિજ પરથી કોઈ અગમ્ય કારણોસર યુવતીએ પડતું મુકી દીધું હતું.અમદાવાદના કુબેરનગર વિસ્તારની ૨૫ વર્ષીય યુવતીએ કેનાલમાં પડતું મુકી હતું. જો કે મોતનો કૂદકો માર્યા પછી યુવતીએ પાણીમાં હાથ પગ ચલાવવાનું શરૂ કરતાં તે કેનાલના ધસમસતા પ્રવાહમાં તણાવા લાગી હતી.

## મણિપુરમાં માર્યા ગયેલા કુકી આતંકવાદીઓના સમર્થનમાં પ્રદર્શન:સૈંકડો લોકો ખાલી શબપેટીઓ લઈને શેરીઓમાં ઉતર્યા

મણિપુરમાં ૧૧ નવેમ્બરે સુરક્ષા દળો સાથેની અથડામણમાં માર્યા ગયેલા ૧૦ કુકી આતંકવાદીઓ માટે ન્યાયની માગ સાથે કુકી સમુદાય સતત વિરોધ કરી રહ્યો છે. મંગળવારે પણ સેંકડો લોકોએ જીરીબામ અને ચુરાચંદપુર જિલ્લામાં ૧૦ ખાલી શબપેટીઓ લઈને કૂચ કરી હતી.મણિપુર પોલીસના જણાવ્યા અનુસાર, ગયા અઠવાડિયે જીરીબામમાં બોરોબેકરા પોલીસ સ્ટેશન અને નજીકના જકુરાધોરમાં સીઆરપીએફ કેમ્પને વર્દીધારી આતંકવાદીઓએ આડેધડ ગોળીબાર કર્યો હતો. ત્યાર બાદ સુરક્ષા દળો સાથેની અથડામણમાં દસ શંકાસ્પદ આતંકવાદીઓ



માર્યા ગયા હતા. જો કે, કુકી સમુદાયનું કહેવું છે કે તેઓ ગામના સ્વયંસેવકો હતા.આ રેલીનું આયોજન જોઈન્ટ ફિલાન્થ્રોપિક ઓર્ગેનાઈઝેશન દ્વારા કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ વાગ્યાની આસપાસ હાથમાં પોસ્ટરો લઈને શરૂ થયેલી આ રેલીમાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો. આ પોસ્ટરોમાં માર્યા ગયેલા લોકો માટે ન્યાય અને પહાડી વિસ્તારોમાં અલગ વહીવટની માગ કરવામાં આવી હતી.દરમિયાન કોંગ્રેસે કહ્યું છે કે, પીએમ મોદીએ મણિપુર જવું જોઈએ. કોંગ્રેસ નેતા પી ચિદમ્બરમે કહ્યું કે પીએમ મોદીએ રાજકીય કૌશલ્ય બતાવવું જોઈએ. તેમણે પોતાની જીદ છોડીને મણિપુર જવું જોઈએ, લોકો સાથે નમ્રતાથી વાત કરવી જોઈએ અને તેમની ફરિયાદો અને આકાંક્ષાઓને સમજવી જોઈએ.મણિપુર સરકારનો પ્રસ્તાવ પાસ- કુકી આતંકવાદીઓ સામે કાર્યવાહી થવી જોઈએ સોમવારે સત્તારૂઢ દ્મઢછ અને નેશનલ પીપલ્સ પાર્ટી ના ૨૭ ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી.

## શંકરસિંહ વાઘેલાએ નવી પાર્ટી બનાવી:પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીનું રજિસ્ટ્રેશન કરાવ્યું, ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડને બનાવ્યા અધ્યક્ષ

ગુજરાતના રાજકારણમાં નવા જૂની થવાના એંધાણ છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાન વસંત વગડોમાં આજે સ્નેહ મિલન યોજાયું હતું. જ્યાં શંકરસિંહે બેઠક બાદ પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીની જાહેરાત કરી છે. આ પક્ષની નોંધણી પણ કરાવી છે.પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના અધ્યક્ષ તરીકે વડોદરાના પૂર્વ મેયર ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડની વરણી કરી છે. જ્યારે ગાંધીનગરના પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફ પરમારને મહામંત્રી બનાવવામાં આવ્યા છે અને પાર્થેશ પટેલને ખજાનચીની જવાબદારી સોંપી છે.

શંકરસિંહ વાઘેલાએ ૧૯૯૫માં બળવો કરી ભાજપ છોડી રાજપા બનાવી હતી. કોંગ્રેસના ટેકાથી મુખ્યમંત્રી બન્યા બાદ ૧૯૯૮માં તેઓ કોંગ્રેસમાં જોડાઇ પણ ગયા. એ પછી ૨૦૧૭માં તેમણે કોંગ્રેસ છોડી પોતાની નવી પાર્ટી જનવિકલ્પ મોરચાની રચના કરી હતી, પરંતુ એ વર્ષે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેમનો એકપણ ઉમેદવાર જીત્યો નહોતો. એ પછી જાન્યુઆરી ૨૦૧૯માં તેમણે એનસીપી જોઇન કર્યું હતું

## તંત્રી સ્થાનેથી..

## ૨ વર્ષમાં બેટરીના ભાવમાં ૫૦% ઘટાડો થવાની સંભાવના

આગામી બે વર્ષમાં ઈલેક્ટ્રિક વાહનો એટલે કે ઈફની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થશે. ૨૦૨૬ સુધીમાં, ઈફ બેટરીની કિંમત ૨૦૨૩ની સરખામણીમાં અડધી થઈ જશે. ઈફ ઉત્પાદનના ખર્ચમાં બેટરીનો હિસ્સો ૨૮-30% છે. ગોલ્ડમેન સૅક્સના તાજેતરના અભ્યાસ અનુસાર, ૨૦૨૨માં વિશ્વભરમાં ઈફ બેટરીની સરેરાશ કિંમત ઈં૧૫૩ (લગભગ ૧૩ હજાર રૂપિયા) પ્રતિ ાઉર હતી.૨૦૨૩માં, તેમની કિંમત ઈં૧૪૯ (આશરે રૂ. ૧૨,૫૦૦) રહેશે. ૨૦૨૬ સુધીમાં કિંમત ઘટીને ઈં૮૦ (લગભગ રૂ. ૬,૭૦૦) પ્રતિ કિલો વોટ થવાની ધારણા છે. આ ૨૦૨૨ની સરખામણીમાં લગભગ ૫૦% ઓછું છે. બેટરીના ભાવ આ સ્તરે પહોંચ્યા બાદ ઈલેક્ટ્રિક કારની કિંમત પેટ્રોલ કાર જેવી જ થઈ જશે.ઈવી બેટરી, ચાર્જિંગ સેવાઓ પર ટેક્સ ૧૮%થી ઘટાડીને ૫% કરવાની માગ કરી દેશમાં ઈફજને સ્પર્ધાત્મક રાખવા માટે બેટરી અને ચાર્જિંગ સેવાઓ પર ય્જી ઘટાડવાની જરૂર છે. ઉપરાંત, ઈવી વેચાણ વધારવા માટે પીએમ ઈ-ડ્રાઈવ ફંડમાં વધારો કરવાની જરૂર છે. ક્ષૈંઝ્રૈંએ તેની રાષ્ટ્રીય પરિષદમાં સરકાર સમક્ષ આ માગણી કરી હતી.ઈલેક્ટ્રિક વ્હીકલ કમિટીના ચેરપર્સન સુલજ્જા ફિરોદિયા મોટવાણીએ જણાવ્યું હતું કે ઈફ બેટરી અને ચાર્જિંગ સેવાઓ પર ૧૮% ય્જી છે. અમે તેને ઘટાડીને ૫% કરવાની વિનંતી કરીએ છીએ. જેથી બેટરી ચાર્જિંગ ગ્રાહકો માટે સસ્તું બની જાય. ક્ષૈંઝ્રૈંના પ્રેસિડેન્ટ અને મહિન્દ્રા ગ્રુપના સ્ઢ અને ઝઈ અનીશ શાહે જણાવ્યું હતું કે ભારતમાં હાલમાં ઈલેક્ટ્રિક ફોર-વ્હીલરનો હિસ્સો ૧.૫% છે, તેથી હજુ ઘણું કામ કરવાની જરૂર છે.વડાપ્રધાનના સલાહકાર તરુણ કપૂરે કહ્યું- નવી ઈલેક્ટ્રિક કાર લાવવામાં ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રીએ મોટી ભૂમિકા ભજવવાની જરૂર છે.

# આલોક અવળચંડો



નાની ઉંમરમાં પ્રગતિના સોપાન સડસડાટ ચડ્યો હતો. ભણવામાં દિલચશ્પી હતી. ખાલી પુસ્તકનો કીડો ન હતો. માનો પ્રેમ અને પિતાનું માર્ગ દર્શન આલોકને જીવન જીવવામાં ડગલે ને પગલે કામ આવતું.

હા, જમતી વખતે જે ન ભાવે તે કદી ન ખાતો. માનો ગુસ્સો સહન કરતો. પિતા વઢે તો પણ મન ન માને તે ચીજને અડકતો પણ નહિ. આલોક દસ વર્ષનો થયો પછી, મમ્મી અને પાપાએ આગ્રહ કરવાનું છોડી દીધું. બીજું નાની ઢિંગલી જેવી અનન્યા પણ હતી. દીકરીને લાડ લડાવવામાં આલોકનો પીછો છોડ્યો.

આલોક ,અનન્યા ને ખૂબ ચાહતો. તેને કાનમાં કહેતો. અનુ ,બેની તારે કારણે મને હવે મજા પડી ગઈ. મમ્મી અને પપ્પાએ મને જબરદસ્તી કરવાનું છોડી દીધું, કહી તેને ગાલે ચુંબન કરતો. આલોકનું કાર્ય આસાન થઈ ગયું. ભણવામાં કે તેની પ્ર્વૃત્તિમાં સંપૂર્ણ આઝાદી મળી ગઈ. આલોકના પપ્પા તેના પર છૂપી નજર રાખતા. દીકરાના પરાક્રમ કઈ દિશામાં થાય છે તેનાથી અવગત રહેતા.

આલોકને કંપ્યુટરમાં ખૂબ રસ પડતો. નવરાશના સમયે રમતો રમતો. સાથે પોતાની બુદ્ધિથી નવી રમતો બનાવતો. પીમ્ગપોંગ અને કેરેમ તેને ગમતા. પપ્પા સાથે ચેસ રમતો. પપ્પાને ચેક મેટ કરતો ત્યારે રાજી થતો.

દસમા ધોરણમાં હતો ત્યારે રવિવારની એક સવારે પપ્પા પાસે ૫૦૦ રુપિયાનો ચેક લઈને આવ્યો. પપ્પા અને મમ્મી એ ચેક જોઈને નવાઈ પામ્યા. આલોકે કહ્યું, મમ્મી મેં એક રમત કેરમની બનાવી મારા વર્ગ શિક્ષકને તે પસંદ પડી.

' આલોક તું મને આ ગેમ મારા કંપ્યુટરમાં આપ હું તને ૫૦૦ રુપિયા આપીશ,' મેં આપી.

મમ્મી અનન્યામાં વ્યસ્ત રહેતી. પપ્પાને આશ્ચર્ય થયું. બસ રોજ રાતના એક કલાક આલોક સાથે ગાળવાનું નક્કી કર્યું. તેને જ્યાં મદદ જોઈએ તે કરતા. પછી તે પૈસાની હોય કે બીજી કોઈ પણ. આમ કરતા આલોક કંપ્યુટર એંજિનિયર થઈ ગયો.

દિમાગ ખીલી ઊઠ્યું. નવા નવા પ્રોગ્રામ બનાવતો. કોઈ દેશને કામ લાગે તેવા હોય. કોઈ મોટા મોટા ધંધાને લગતા હોય. આલોકનું ના સાંભળી તેની પાસે કામ કરાવવા લોકોની કતાર લાંબી થતી ગઈ. આલોક લોભ ન કરતો. દરેકને સાચાવાનો પ્રયત્ન કરતો. હજુ ૨૮ની ઉંમર હતી ને પૈસાની ટંકશાળ પડી.

પપ્પએ પણ નોકરી છોડી આલોકને સહાય કરવાનું નક્કી કર્યું. આલોક ખુશ થયો.

'પપ્પા તમારી મદદ મને મળી, હવે જોઈ લે જો આલોકની કમાલ. ' નાના મોટા કામમાં અનન્યા ભાઈને સહાય કરતી. અનન્યા ભાઈને કારણે ઘણું શીખી હતી. એક વાત એનું કંપ્યુટર 'હેક' થયું અને તેનો કરેલો ભાઈનો પ્રોજેક્ટ નકામો થઈ ગયો. તેણે આલોકને કહેવાને બદલે પોતાના મિત્રને વાત કરી. મિત્ર એ તેને ફસાવી બે હજાર રુપિયા પડાવ્યા.

અન્યાને થયું આવી મુસિબતમાંથી ભાઈ સિવાય તેને કોઈ બહાર નહી કાઢે. એક રાતબા આલોકના કમરામાં આવી બધી વાત કરી. આલોક પણ ૧૮ વર્ષનો હતો. પપ્પા તેને બધી મદદ કરતા તેથી પપ્પાને બોલાવ્યા અને બધી વાત કરી. પહેલા પપ્પા અનન્યા પર ગુસ્સે થયા.

આલોકે સમજાવીને કામ લેવાનું કહ્યું. બાપ બેટાએ ભેગા થઈને અનન્યાના મિત્રને પૈસા લેવા ઘરે બોલાવ્યો. તેને ધાક ધમકીથી સિધો કર્યો. 'હેક' કરવા વાળો તો કામ કરી રફુચક્કર થઈ ગયો હતો.

અનન્યા સાથે મૈત્રી છોડાવી નિરાકરણ કર્યું. અનન્યાએ કાન પકડ્યા કોઈ પણ મુસિબતમાં ફસાય તો પહેલા ભાઈને વાત કરવાની.

કંપ્યુટર સાથેની દોસ્તી રંગ લાવી રહી હતી. કોલેજના ચાર વર્ષ પૂરા કર્યા ત્યાં સુધીમાંતો પપ્પાની મદદથી આલોક એક કંપનીનો માલિક બની ગયો. મોટા કોર્પોરેશનને મુસિબતમાંથી બહાર નિકળવાના પ્રોગ્રામ બનાવતો થઈ ગયો.

તેને નોકરી શોધવા જવાને બદલે, જુવાનોને નોકરી આપવાનું શરુ કર્યું. પપ્પાનો આભાર માનવા લાગ્યો જેમણે આલોકની કાર્યક્ષમતામાં વિશ્વાસ મૂકી તેને પાંગરવાની અનુકૂળતા કરી આપી.

અનન્યા એ શીખીને પોતાના મનગમતા વિષયો પર કામ કરવા માંડ્યું. અનન્યાને ગણિત, વિજ્ઞાન અને હસ્તકામનો શોખ હતો. સુંદર પ્રોગ્રામ બનાવી નાના બાળકોને ભણવામાં મદદ રુપ થઈ.

બાળપણમાં કંપ્યુટર સાથે કરેલી અવળચંડાઈનું ફળ મધુરું આલોક માણી રહ્યો.

પ્રવિણા,કડકીયા,અમરીકા

# ડાંગ જિલ્લાના યુવાઓમાં નશાની પ્રવૃતિઓ રોકવા જિલ્લા પોલીસે યુવાઓનું કાઉન્સિલિંગ કરી નશાથી દુર રહેવા સમજણ આપી

આહવા

તારીખ ૧૬ નવેમ્બરના રોજ જિલ્લા કલેક્ટરશ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં થયેલ ચર્ચા મુજબ યુવાનોમાં નશાની પ્રવૃતિ રોકવા માટે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસના એ સ . આ ે . જી . પી . એ સ . આ ઇ . શ્રી એમ.જી.શેખ તથા સ્ટાફ દ્વારા જિલ્લામાં નશાની પ્રવૃતિ રોકવા ઝૂંબેશ ઉપાડી હતી.



જેમાં ટાયર પંચર માટે વપરાતા સોલ્યુશનનો ઉપયોગ કરી, કેટલાક અણસમજુ યુવાનો નશાની પ્રવૃતિ કરતા હોવાની બાબત સામે આવી હતી. જેથી પોલીસ દ્વારા આહવા ટાઉન વિસ્તારમાં છેલ્લા ગાંધીબાગ, સનસેટ પોઈન્ટ, પટેલ પાડા, બોરખેત હેલીપેડ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ આસપાસની જગ્યાઓમાં પેટ્રોલિંગ કરી ૧૫ જેટલા યુવકોને શોધી કાઢવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા યુવકોના વાલીઓની સાથે ચર્ચા કરી તેમની સંમતિથી પોલીસ ભવન ખાતે બોલાવી તમામ યુવકો સાથે નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલે વ્યક્તિગત તેમજ સામુહિક કાઉન્સિલિંગ કરી, તેઓ સોલ્યુશન, સ્પિરિટ, સીરપ, વાઈટનર, વિગેરે નશાકારક દ્રવ્યોના સેવનથી દૂર રહી, પોતાનું તથા પરિવારનું જીવન બરબાદ ન કરે તે માટે સમજ કરવામાં આવી હતી.

સોલ્યુશન સુંઘવું ગુનાહિત ભલે ન હોય! પરંતુ જો યુવાનોને આ પ્રકારનો નશો કરતા રોકવામા નહિ આવે તો, ભવિષ્યમાં પ્રતિબંધિત નશીલા દ્રવ્યોનું સેવન કરતાં બની શકે છે જેથી પોલીસ દ્વારા તેમના વાલીઓ સાથે પણ વિચાર વિમર્શ કરી, આવી પ્રવૃત્તિઓથી દુર રહેવા જણાવ્યું હતું.

વધુમાં કોઈપણ વ્યક્તિ જો આવી પ્રવૃત્તિ કરતાં જણાઇ આવે તો, તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૯૩૩ પર સંપર્ક કરવા ડાંગ જિલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# યુવક પત્ની પર શંકા કરતો અને ઓનલાઇન ગેમમાં નાંખી પૈસાનું પાણી કરતો, ૧૮૧એ શાન ઠેકાણે લાવી

બનાસકાંઠા જિલ્લાના એક ગામમાં એક યુવક કામ ધંધે જઈને બધા જ પૈસા મોબાઈલ ગેમમાં નાખી દેતો હતો. પત્નીને એક પણ રૂપિયો ન આપતા પત્ની અન્ય લોકોના ઘરે જઈ કામ કરી ઘર ખર્ચ સંભાળતી હતી. પતિ પત્ની પર વહેમ શંકા કરતો હતો જેથી કંટાળીને મહિલાએ ૧૮૧ નો સંપર્ક કર્યો હતો. જેમાં ૧૮૧ની ટીમે યુવકની શાન ઠેકાણે લાવી છે.




આજ ના સમય માં ફોન એક સામાજિક દુષણ બની ગયું છે. માણસે પોતાની જાત ને ફોનમાં જ વ્યસ્ત કરી દિધો છે. અને પોતાના પરિવાર ને પણ સમય આપી શકતો નથી. અને પરિવાર નું વિચારતો પણ નથી. એવો જ એક કિસ્સો બનાસકાંઠામાં એક ગામમાં સામે આવ્યો છે. જેમાં પીડિત મહિલા નો પતિ પોતાના મિત્રોની સંગતમાં આવીને ફોન માં ઓનલાઇન ગેમ રમવા ની આદત થી પોતાના જ પરિવાર ને હેરાન કરતો હતો અને કમાણીના બધા પૈસા ઓનલાઇન ગેમ માં નાખી દેતો હતો. અને તેની પત્ની પોતાના ત્રણ સંતાનો ના ભરણપોષણ માટે બહાર લોકોના ઘરે કામ ધંધે જાય અને ઘરેનું પૂરું પાડતી હતી જોમે પતિ તેની પત્ની પર ખોટા વ્હેમ કરતો હતો. જેથી તો કંટાળેલી પત્નીએ આખરે રાત ના ૧૨ વાગે ૧૮૧ મહિલા હેલ્પલાઈન નો સહારો લીધો હતો.બનાસકાંઠા ૧૮૧ ટીમ ઘટનસ્થળે પહોંચી સમગ્ર ઘટના જાણ્યા બાદ પતિને કાયદાકિય રીતે સમજાવી તેના ફોનમાં થી બધી જ ગેમ ડિલીટ કરાવીને પોતાના પરિવાર માટે વિચારવા અને પોતાના બાળકો ની ભવિષ્ય શું થશે જો એ આજ રીતે ગેમ રમ્યા કરશે તો. તેમ સમજાવીને તેને પોતે કામધંધે થી આવતા પૈસા પોતાના પરિવાર માટે ઘરખર્ચ માટે આપવા જોઈએ અને પત્ની પર ખોટા વ્હેમ શંકા કરવી નહિ.

# એક સત્ય પરમાત્માને જાણવાથી જ ભ્રમોમાંથી મુક્તિ મળે છે.બ્રહ્મની પ્રાપ્તિ વિના ભ્રમોની સમાપ્તિ થતી નથી. ★ -નિરંકારી સતગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ



સમાલખા તા.૧૯

હરિયાણાના સમાલખા સ્થિત સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ ખાતે આયોજીત ત્રિદિવસીય વાર્ષિક નિરંકારી સંત સમાગમ સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજના પાવન આર્શિવાદ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો.આ સંત સમાગમમાં ગુજરાતમાંથી આશરે વીસ હજાર કરતાં વધુ શ્રદ્ધાળુઓએ ભરપુર આનંદ પ્રાપ્ત કરીને પરત ફર્યા છે.આ ત્રિદિવસીય સંત સમાગમમાં સમગ્ર ભારત તથા વિશ્વના સિત્તેર કરતાં વધુ દેશોમાં વસતા આઠ લાખથી વધુ શ્રદ્ધાળુ ભક્તજનો ભાગ લઇ સંત સમાગમનો ભરપૂર આનંદ લીધો હતો.

સમાગમના બીજા દિવસે વિશાળ માનવ પરીવારને સંબોધિત કરતાં સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજે લાખોની સંખ્યામાં સમ્મિલિત શ્રદ્ધાળુઓને પોતાના અમૃતમયી પ્રવચન દ્વારા કહ્યું હતું કે ''સંસારમાં જેટલી ચીજવસ્તુઓ અમે જોઇએ અને અનુભવીએ છીએ તે તમામ પરિવર્તનશીલ છે.તેમાંનો કોઇ પદાર્થ શાશ્વત સત્ય કહેવાતો નથી.જેવી રીતે દિવસ આથમે ત્યાર પછી રાત થાય છે અને રાત્રિ પુરી થયા પછી દિવસની શરૂઆત થાય છે તેવી જ રીતે કોઇપણ વસ્તુ કે પદાર્થના અસ્તિત્વને શાશ્વત માની લેવો તે અમારો ભ્રમ હોય છે કારણ કે વાસ્તવિક સત્ય તો ફક્ત એક નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મા છે જેને વિભિન્ન નામોથી યાદ કરવામાં આવે છે.આ નિરંતર એકરસ રહેનાર સત્યને અપનાવવાથી,જીવનનું અંગ બનાવવાથી નિઃસંદેહ અમે તમામ પ્રકારના ભ્રમોમાંથી મુક્તિ મેળવી શકીએ છીએ.''

નિરંકારી રાજપિતા રમિતજીએ પોતાના વિચારોમાં કહ્યું કે ૭૭મા વાર્ષિક નિરંકારી સંત સમાગમમાં ભાગ લેવો સંતો અને શ્રદ્ધાળુઓના માટે એક આનંદનો અનોખો અવસર છે.આ સમાગમ જીવનને ઉંડાણ અને વિસ્તરણ પુરૂં પાડે છે.સદગુરૂની કૃપા અને ઉપદેશોએ માનવ અસ્તિત્વને અસિમ અને ગૌરવશાળી બનાવ્યું છે.પોતાના અસ્તિત્વને ઓળખવું એ જ સાચો સ્વાર્થ છે.સદગુરૂ એ જ શિખવે છે કે મનુષ્ય જીવનનો અર્થ સમજવા માટે આપણે પોતાના સ્વાર્થથી આગળ વધીને માનવમાત્રની સેવા કરવાની છે.સદગુરૂએ સમજાવ્યું છે કે ભક્તિ ફક્ત સાધન નથી પરંતુ સાધ્ય છે.ભક્તિ જ્યારે જીવનનું અંગ બને છે ત્યારે સાંસારિક સુખો ગૌણ બની જાય છે.સદગુરૂ દ્વારા આપવામાં આવેલ આધ્યાત્મિકતા આપણી વિચારસરણી,પ્રેમ,સેવા, સમર્પણ,કરૂણા તથા અન્ય દિવ્ય ગુણોનો વિસ્તાર કરે છે.સત્સંગમાં આવીને સદગુરૂના માધ્યમથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું તથા સંતોના વચનોને સાંભળવાથી અમારી વિચારશક્તિ વિશાળ બને છે.જ્યારે આપણે આ નિરાકાર પ્રભુ પરમાત્માની સાથે જોડાઇ જઇએ છીએ ત્યારે આપણા જીવનના દરેક રંગને અપનાવીને તેનાથી અલગ રહેતાં શીખીએ છીએ.આ નિરાકાર પ્રભુ પરમાત્મા દરેક સમયે,દરેક પરિસ્થિતિમાં હાજર છે તેને ઓળખીને દરેક વ્યક્તિ પોતાના જીવનને યોગ્ય દિશામાં વિસ્તાર કરી શકે છે.

સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજે ત્રિદિવસીય ૭૭મા વાર્ષિક નિરંકારી સંત સમાગમના સમાપન દિવસે લાખોની સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુ ભક્તો અને પ્રભુપ્રેમી સજ્જનોને સંબોધન કરતાં કહ્યું હતું કે ''પરમાત્મા અસિમ છે તેનો કોઇ અંત નથી,તેની સાથે જોડાનારી દરેક ચીજ આપોઆપ અસિમ બની જાય છે.બ્રહ્મજ્ઞાનના માધ્યમથી પરમાત્માને જાણીને જ્યારે અમે તેની સાથે જોડાઇ જઇએ છીએ ત્યારે જ આ દિવ્યયાત્રા સાચા અર્થમાં શરૂ થાય છે,જેનાથી આપણા જીવનના દરેક પાસાઓ સકારાત્મક રીતે વિસ્તાર પામે છે.અજ્ઞાનના કારણે સંસારમાં ભેદભાવના અનેક કારણો શોધવામાં આવે છે.આજકાલ જાતિ-પાતિ સિવાય જીવનશૈલી,શહેર કે ગામડાના રહેવાના સ્થાન જેવા કારણોસર પણ ભેદભાવ કરવા લાગ્યા છે.જ્યારે બીજી બાજું બ્રહ્મજ્ઞાની સંતો એક પ્રભુ પરમાત્માને જીવનનો આધાર બનાવીને સહજરૂપમાં સંકુચિતતામાંથી બહાર આવી સમદ્રષ્ટિના સુંદર ભાવોને અપનાવે છે.''

સમાગમના ત્રીજા દિવસનું મુખ્ય આકર્ષણ બહુભાષી કવિદરબાર હતું જેમાં દેશ વિદેશના ૧૯ જેટલા કવિઓએ ''અસિમ પરમાત્મા તરફ વિસ્તરણ'' વિષય ઉપર અનેક ભાષાઓમાં પોતાની મધુર અને પ્રેરણાત્મક કાવ્ય રચનાઓ રજૂ કરી હતી જેની ભરપુર પ્રસંશા કરવામાં આવી હતી.સમાગમના પ્રથમ દિવસે આયોજીત બાળ કવિ દરબારમાં બાળકોએ અલગ અલગ ભાષાઓમાં કાવ્યપાઠ કર્યો હતો.બીજા દિવસે મહિલા કવિ દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કવિયિત્રી બહેનોએ અલગ અલગ ભાષાઓમાં પોતાની સુંદર રચનાઓ વાંચી હતી જેને સાંભળીને શ્રોતાઓએ ભરપૂર આનંદ પ્રાપ્ત કર્યો હતો.

આ વર્ષના સમાગમનું શિર્ષક ''અસિમ પરમાત્મા તરફ વિસ્તરણ'' ઉપર આધારીત નિરંકારી પ્રદર્શની તમામ સંતોના માટે આર્કષણનું કેન્દ્ર બની હતી.આ દિવ્ય પ્રદર્શનીનું ત્રણ ભાગમાં વિભાજન કરવામાં આવ્યું હતું.પ્રથમ ભાગમાં સંત નિરંકારી મિશનનો ઈતિહાસ-વિચારધારા તથા સામયિક ગતિવિધિઓ તથા સદગુરૂ દ્વારા દેશ-વિદેશમાં કરવામાં આવેલ દિવ્ય કલ્યાણકારી પ્રચારયાત્રાઓની જાણકારી આપવામાં આવી હતી. બીજા ભાગમાં સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા સ્વાસ્થ્ય અને સમાજ કલ્યાણ વિભાગની તમામ ગતિવિધિઓ દર્શાવવામાં આવી હતી.ત્રીજા ભાગમાં બાલ-પ્રદર્શની ઘણા જ મનમોહક અને પ્રેરણાદાયક રૂપમાં બાલ સંતો દ્વારા પ્રદર્શિત કરવામાં આવી હતી.

સંત સમાગમમાં પિરસવામાં આવતા ભોજન ''સમગ્ર સંસાર-એક પરીવાર'' નું મનોહર દ્રશ્યને પ્રતિબિંબિત કરતું હતું જેમાં વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક પૃષ્ઠભૂમિ સાથે જોડાયેલા દેશ-વિદેશથી આવેલા શ્રદ્ધાળુઓ સાથે બેસીને કોઇપણ પ્રકારના ભેદભાવ વિના ભોજન ગ્રહણ કરતા હતા.દરવર્ષની જેમ લાખોની સંખ્યામાં સમાગમમાં આવેલ શ્રદ્ધાળુઓના માટે ચારેય મેદાનોમાં મફત ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.વિકલાંગો અને શારીરિકરૂપમાં વયોવૃદ્ધ વ્યક્તિઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.ભોજનમાં સાદા પૌષ્ટિક ભોજન ઉપરાંત ફ્રી ચા ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.પર્યાવરણના દ્રષ્ટિકોણથી તમામને સ્ટીલની થાળીઓમાં ભોજન પિરસવામાં આવતું હતું.

હરિયાણા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ વાર્ષિક નિરંકારી સંત સમાગમમાં પધારીને સદગુરૂ માતાજી તથા નિરંકારી રાજપિતાજીના દર્શન કરી આર્શિવાદ પ્રાપ્ત કર્યા હતા.

૭૭મા વાર્ષિક નિરંકારી સંત સમાગમાં આધુનિક કાયરોપ્રેક્ટિક તકનીકના માધ્યમથી નિઃશુલ્ક સ્વાસ્થ્ય સેવાઓનો લાભ આપવામાં આવ્યો હતો.આ સારવાર કરોડરજ્જુ સાથે સંપૂર્ણપણે સંબંધિત છે. દરરોજ ૩૦૦૦ થી ૪૦૦૦ લોકોએ આ ટેકનોલોજીનો લાભ લીધો હતો.અમેરીકા, યુ.કે. કેનેડા સ્પેન ફ્રાન્સ અને ભારતના કુલ પચ્ચિસ ર્ડાકટરોની એક ટીમે સતત સેવાઓ આપી હતી.

સમાગમ સ્થળ ઉપર પહેલીવાર સો બેડની હોસ્પિટલ બનાવવામાં આવી હતી જેમાં આઇસીયુ અને ચાર વેન્ટિલેટરની સુવિધા ઉભી કરવામાં આવી હતી.અહી સરકારના આરોગ્ય વિભાગની ૩૦ અને સંત નિરંકારી મંડળની ૧૦ આમ કુલ ૪૦ એમ્બ્યુલન્સની સેવા પુરી પાડવામાં આવી હતી.તમામ મેદાનોમાં પાંચ દવાખાનાઓ કાર્યરત હતા જેમાં દરરોજ ૨૦,૦૦૦ દર્દીઓને મફતમાં સારવાર કરવામાં આવતી હતી.

ગ્રાઉન્ડ એ અને સી માં ઉભા કરવામાં આવેલ હોમિયોપેથી દવાખાનામાં દરરોજ ૩૦૦૦ થી ૪૦૦૦ દર્દીઓની સારવાર કરવામાં આવતી હતી.ફિઝીયોથેરાપીના માટે પંદર મશીનો ગોઠવવામાં આવ્યા હતા.આ ઉપરાંત નાના ઓપરેશન થિયેટરની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ઓર્થોપેડિક, હૃદયરોગની બિમારી તથા આંખની બિમારીના દર્દીઓની સારવાર કરવામાં આવતી હતી.આરોગ્ય સેવાનું ઉચ્ચ સ્તર જળવાઇ રહે તે માટે એક હજાર સર્જન ર્ડાકટર,મેડીકલ તથા પેરામેડીકલ સ્ટાફની ટીમ દ્વારા સંચાલન કરવામાં  આવતું હતું.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO : 161**
વિષય : મનગમતી રચના
શિર્ષક : પુષ્પનું નસીબ
પ્રકાર : શબ્દો : ૧૦૫

એક જ છોડવા પર પાંગરતા પુષ્પોની
નસીબની બલિહારી પણ નોખી નોખી.

કળી હતી જ્યારે, એકબીજાની સંગે રહેતી
પવનની લહેરો જોડે વાતોયે કરતી.

ભમરાના ગુનગુનમાં સૂર પૂરાવતી
પાને પાને, ડાળે ડાળે લહેર બની લહેરાતી,

ને ફુલ બનીને ફૂટ્યા જ્યારે!
બધાં ફુલડાં ચુંટાઈ ગયાં,
નોખી નોખી પોટલીમાં પુરાઈ ગયાં.

એક પોટલી જનમની, તે બીજી હતી મરણની
એક હતી લગનની તો બીજી હતી સન્માનની.

છુટા પડ્યા બધાં ફુલો
છુટા પડ્યાનો માતમ હતો,

કોઈને કામ આવ્યાંનો આનંદ પણ? હતો.

કો'ક ફુલ એવાં જે ભોંય ભેગા જ રહી ગયાં,
ના કોઈની સાથે રહ્યા,ને ના કોઇને કામ લાગ્યા,
સંગે રહ્યા તો સંગે રહ્યા, પડ્યાં વિખુટા ને કરમાઈ ગયાં!
○○○ગ્રીષ્મા પંડ્યા ○○○

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**
વિષયઃ- મનગમતી રચના
શીર્ષક :- તારુ સ્મરણ
પ્રકાર :- પદ્ય / શબ્દ :- ૮૭
તારુ સ્મરણ થાય છે ને વાતાવરણ બદલાય છે,
આવે છે હવાનુ ઝોકુ ને મન હરણ કરી જાય છે.

અરમાન ઓઠા લેતા ફરે ક્યાંક પકડીના જવાય ?
ફીકર કરુ છું ફરીફરી ને ફકીર બની જવાય છે.

ચરણ ને પણ તરસ છે તારા દરશન ની દામોદર,
મનને બીજે ક્યાં વાળું મન માધવ લઈ જાય છે.

સમય સરકી ગયો આ બાળપણ ને લઈને ગયો,
વૃદ્ધત્વ ને ક્યાં સંતાડુ ? યુવાની જ અટવાય છે.!

શરમ ને સંકોચ આ સંસાર માં કોને સમજાય ?
"અમૃત" તણું આવરણ અનંતમાં લઈ જાય છે.

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : મનપસંદ રચના
શીર્ષક : નકામી આશા

જીવ હોમી દેવા છતાંય, એ આપણા થતાં નથી.
હોય આગના ભડકા, ક્યારેય તાપણા થતાં નથી.

હોય શાશ્વત સત્ય, એ માત્ર સ્વીકારવું જ રહ્યું.
હો ઊંઘમાં તમે ભલે,એ શમણાં થતા નથી.

વહેતો ગયો સમય, ને ઘટતી ગઈ લાગણીઓ,
પડ્યા હો પેટમાં સુખડા,એ બમણાં થતા નથી.

ગાંડા, ઘેલા, નાસમજ, વંઠેલા, કે લુચ્ચા,
હો મૂળથી જ વ્હાલા, અખમણા થતાં નથી.

"શૈલ" વફાદારી ને ઈમાનદારી, હોય તો ઠીક,
માત્ર શરીરથી સૌ કોઈ, નમણા થતાં નથી.

શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS No,162**
વિષય- મનગમતી રચના
શીર્ષક- સ્ત્રી વગર અધુરો પુરુષ
પ્રકાર - પધ ,શબ્દ -૬૫

સવારથી રાત સુધી દરેક કાર્યં માં
પુરુષને એક સ્ત્રીની જરુર રહે જ છે

દિવસની શરુઆત - ઉષા સાથે
દિવસ નો અંત - સંધ્યા સાથે

કામ કરવાનુ - અન્નપુર્ણાં માટે
રાત એટલે કે નિશા,નિદ્રા રાણી

નિદ્રા?માં હોઈએ ત્યારે - સપના
મંત્રો ચાર માટે - ગાયત્રી

ધર્મ ગ્રંથ -ગીતા ,ભગવાન સામે
વંદના. પૂજા. અર્ચના ને આરતી

આરાધના અને શરધા સાથે
અંધારુ હોય તો - જ્યોતિ

લડાઈમાં - જયા અને વિજયા
વૃદ્ધાવસ્થામાં- કરુણા ,મમતા

ગુસ્સો આવે તો - ક્ષમા
ભણતી વખતે - વિધ્યા

આગળ જતા - લક્ષ્મી
અને અંતમાં - શાંતિ

કૃષ્ણ સાથે રાધા.રામ સાથે સીતા
શંકર સાથે પાર્વતી પછી મંદિર હોય કે સંસાર

એટલે જ તો ધન્ય છે સ્ત્રી જાતિ
જેના વગર પુરુષ અધુરો છે

તમામ જગતની નારી શકિતને
સાદર પ્રણામપ

- રેખા નાકરાણી મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOGSS NO.209**
વિષયઃ મનગમતી રચનાં, શિર્ષક-ન કર ભરોસો. પ્રકાર- અછાંદસ. શબ્દ- ૬૪

ચહેરા ઓળખીલો સંબંધ બાંધતા પહેલાં
લાગણીઓની સાથે ચેડા થાતા અંહીયાં

સ્વાર્થ પૂરો,સંબંધ પૂરો કરતાં જોયાં અંહીયા
મતલબી દુનિયાનાં, મુખવટાં ઉતરતાં જોયાં

એક ખાલીપાનો,અનુભવ થાય છે અંહીયાં
નથી કંયાય,કોઈની સાથે મન મળતાં અંહીયા

દુનિયાની રીત સમજો,પછી જીવવામાં છે મજા
ફૂંકીફૂંકીને ડગ માંડો,સલામત રહેશો અંહીયાં

'સ્વધા' સમજણથી જીવ,કાં ખમતાં શીખીજા
તો જીવનની મજા છે,એમ જ જીવતાં શીખીજા

રચનાં- સુધા જે. પુરોહિત. ★સ્વધા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:158**
વિષયઃ મનગમતી રચના
શીર્ષક : દોસ્ત
પ્રકારઃપદ્ય શબ્દોઃ૭૨

દુઃખમાં રહે આગળ સુખમાં રહે પાછળ,
કિંમતથી નહીં પણ
કિસ્મતથી મળે.
મુશ્કેલીમાં માર્ગ ચીંધે,
ખતરાથી બચાવે દોસ્ત.

લાગણી છલકાય આંખમાં,
એક બે જણ હોય લાખમાં.
અપેક્ષા આંખમાં મહત્વકાંક્ષા માપમાં.
જીવનનું સાચું ધન,
? ??મૂલ્યવાન સંપત્તિ દોસ્ત.

ચારે બાજુથી થતો હોય વાર,
સાથે ઉભો રહે યાર,
જાણી લે આંખો થકી, પૂછે એ દિલના હાલ.
'પ્રેમ' હૈયું હળવું કરે,
ભાઈથી વિશેષ દોસ્ત.

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : તમારી મનગમતી રચના
શીર્ષક : 'મારા શબ્દો'
પ્રકાર : પદ્ય, શબ્દ : ૯૨

" શબ્દો જ મારા મિત્ર અને માર્ગદર્શક , એના સથવારેજ મળતી મને જીવવાની નવી રીત,
શબ્દથકી નવસર્જન માટે, મને છે જન્મોજનમની પ્રીત.

પ્રાસ, છન્દની મિમાંસા છોડી, મનમૂકી રસસભર અનેક રચનાઓ છે કરી,
આપુ વાચા મારા સુદ્રઢ વિચારોને , એ વિવિધતાપૂર્ણ કૃતિઓ જોઈ હરખાતી મનમાં હું ઘણી.

પ્રેમ -પ્રતીક્ષા,વિરહ-વેદના, પ્રકૃતિની નયનરમ્યતા, પ્રશંસા કે ભક્તિ,
માધ્યમ આમાંનું ગમે તે બની, પૂર્ણ કરતી મારા મનની વાણીને અક્ષરદેહ અર્પી.

નવસર્જનને શોખ માની રચું છું હું અનેક નીત નવી કૃતિ,
પસંદ પડે છે તમને અને , આપના પીઠ થાબડતા શબ્દો એ જ મારી મૂડી."

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**

વિષય મન ગમતું કાવ્ય
શીર્ષક '' ચીંથરેહાલ''
પ્રકાર પદ્ય. શબ્દો ૧૨૦

કથીર જેવું રૂપ છે તારૂં કથળી ગયેલાં હાલ
એક મારી દ્દષ્ટી એવી મુજને લાગે તું ધનવાન
વહાલી દિલથી હું ધનવાન

ચીંથરેહાલ ભલે તારી સાડીને પોલકાની બાંય
જવાની તારી ડોકિયા કરતી માંહી ના સમાય
વહાલી દિલથી હું ધનવાન

ખૂબીઓથી એવી ભરપૂર કે મ્હોંમાં નાખશો હાથ
આંખ થશે કોડા જેવી નિહાળી ટપકી પડશે લાળ
વહાલી દિલથી હું ધનવાન

ખાડાટેકરાં જેવું જીવન, ચિંથરા જેવી જવાની
પૂછ્યા વગર કદી ન પીંધું તેં ગોળીનું પાણી
વહાલી દિલથી હું ધનવાન

માત પિતાની સેવા કાજે ન જોઈ સવાર સાંજ
અડધામાંથી અડધો દઈ તું સૂતી ભૂખી ડાંસ
વહાલી દિલથી હું ધનવાન

ઉજાળ્યું જીવન મારું દીધાં સુહાના બે બાળ
સાચી શિક્ષા દીધી જો જે મધુરું ઉગે પ્રભાત
વહાલી દિલથી હું ધનવાન

પ્રવિણા કડકિઆ

# તો તો મહાભારત સર્જાયું ન હોત!!!

ગિરધરભાઇ. હર્બો લાઈટ શું છે?'' રાજુએ મને સવાલ પૂછ્યો.

'' સપ્લીમેન્ટ પાવડર છે'' મેં રાજુને જવાબ આપ્યો.

'' ગિરધરભાઈ. જગતમાં એવો કયો ધંધો છે તેમાં ક્યારેય મંદી બંદી ન આવે?'' રાજુએ મને પૂછયું.

'' માખી કે મચ્છર મારવાના ધંધામાં ક્યારેય મંદી ન આવે!!'' મેં સનાતન સત્ય ઉચ્ચાર્યું.

'' ગિરધરભાઇ . નો પુઅર પીસી!! સિરિયસલી કહો, પ્લીલીલીલીઈઝ''

'' રાજુ જાડા કે પાતળા થવાના બિઝનેસમાં કાયમ તેજી રહે છે. મંદી તો નજીક પણ ફરકી શકે નહીં.''મેં રાજુને યુનિવર્સલ ટ્રુથ ગણાવ્યું!

''જાડા અને પાતળા એકમેકના મિત્ર ન હોઈ શકે. જાડીયો કાયમ સળેકડી જેવા તાબુત જેવા પાતળા પરમારની ઉના ઉના ટાઢા ટાઢા નિસાસા મુકે છે. જ્યારે મલોખા જેવા પાતળો જાડા થવા માટે સામ,દામ,દંડ અને ભેદની નીતિ અખત્યાર કરી જાડા થવાની કોશિશ કરે છે!!રાજુએ જાડા-પાતળા માણસોની મનોસ્થિતિનું વર્ણન કર્યું!!

''રાજુ. ફિલ્મના હીરો હીરોઈન રોલ મેળવવા માટે વજન વધારે કે ઘટાડતા હોય છે. સાલું એ સમજાતું નથી કે કરીનાકપૂર જેવી જાડીપાડીને કેવી રીતે જીરો ફિગર કહી શકાય? આલિયા ભટને જીરો ફિગર કહેવાય !! હીરો હીરોઈન ફિગર જાળવવા જીમનો સહારો લે છે. પુષ્કળ વર્કઆઉટ ( બહાર કામ નહીં !! કસરત કરવાનો મોડર્ન શબ્દ છે, ડયુડ!!)સિકસપેક બોડી કરવા લીટરરી પરસેવાના ગેલનો વહેડાવે છે. મોડેલીંગની દુનિયામાં શરીર-ફિગર સર્વસ્વ છે. સ્થૂળા ( સમજ ન પડી?સ્થૂળનું નારી વાચક છે.)ભૂખને મારવા ચા-કોફી પીધે રાખે છે,સિગારેટો ફૂંકે રાખે છે.ખોરાક ન લેવાના કારણે ચામડી લબડી જાય છે, ગાલ બેસી જાય છે, કમળા થયો હોય તેમ શરીર બટાકાવર્ણુ થઇ જાય છે!! છતાં ફરજિયાત ઉપવાસ ચાલું રાખે છે!!''મેં ગ્લેમર વર્લ્ડની બ્લેક સાઈડ રજૂ કરી.

''ગિરધરભાઈ.આ કેવું ડીંડક ? જાડા થવા હર્બોલાઈટનો પાવડરનું સેવન કરવાનું. પાતળા થવા પણ હર્બોલાઈટ પાવડરનું સેવન કરવાનું? કંપની એજન્ટને ચાલીસ ટકા જેટલું તગડું કમિશન આપે એટલે કમિશનની લ્હાયમાં એજન્ટ સગા વહાલાં, મિત્રો, પરિચિતોને ગ્લુકોઝ પાવડરની જેમ હર્બોલાઈટ પાવડર ફટકારે રાખે!!''રાજુએ મેડીકલ સ્કેમ જાહેર કર્યું.

''રાજુ .પતંગ જેવો પાતળો ભક્ષક રોગોની માફક બધું આરોગે છતાં તસુભાર કે ગ્રામ વજન ન વધે!! સુલતાન મોહમ્મદ બેગડાની જેમ મોંની ઘંટીમાં કાજુ, બદામ, અખરોટ, પિસ્તા , કિસમિસ, મગજ, મેસુબ, મોહનથાળ, કાજુકતરી, અંજીર રોલ, મોતીચૂર,બરફી (મોંમાં પાણી આવવા મંડયુંને? તમારું વજન પાંચ મિલિગ્રામ વધી ગયું. મારા વાત ખોટી લાગે તો જાવ વજનકાંટે માપી લો!)ગાંઠીયા, જલેબી, ગોટા ઓરે તો પણ વજન વધે નહીં . પાછો ચિંતાળવો પણ ન હોય!!'' મેં પાતળાની જાડી સમસ્યા કહી!!

'' ગિરધરભાઈ. જાડા કે જાડીનું પણ એવું છે. રોટલીની જગ્યાએ એકાદ ખાખરો ખાય, સલાડ ખાય, બાફેલા શાકભાજી ખાય, ભૂખ્યા રહે. અપિતું, જાડા જણને ચૈત્ર ચડે નહીં ને વૈશાખ ઉતરે!!રોજ દસ-બાર કીલોમીટર ચાલે કે દોડે પણ કોઈ ફરક પડે નહીં. વજન ઉતારવાનાં બેલ્ટ ઓનલાઈન મંગાવે ,વજન ઉતારવાનો બદલે,બેલ્ટ લુઝ થવાના બદલે કંદોરા જેટલો ટાઈટમટાઈટ થાય. અરે, માત્ર શ્વાસ લે તો પણ વજન વધે તો બાપડો જાડિયોજણ શું કરે??''રાજુએ જાડિયા પુરાણ વર્ણવ્યું!!

'' રાજુ હીરો કે હીરોઈન રોલ મેળવવા માટે કે વેફરથીન મોડેલો મોડેલીંગ એસાઈન મળે તે માટે, મનગમતો ભરથાર કે ભાર્યા મેળવવા માટે જરૂરિયાતનુસાર જાડાપાતળા થવા પાપડ વણે તે સમજાય. એક ચોર મહાશયે ચોરી કરવા કે ચોરી કરી બારામાંથી ગળકવાના શુભાશયથી એક, બે નહીં પણ પૂરા સાત કીલો વજન કોઈ પણ કલિનિકની મદદ વિના ઉતારીને સમગ્ર ચૌર્ય સમાજ માટે અનુકરણીય, અનુસરણીય,અભૂતપૂર્વ, અશ્રુતપૂર્વ ,કલ્પનાતીત ઉદાહરણ પૂરું પાડ્યું છે!! '' મેં રાજુને સમાચાર સારાંશ કહ્યો!!

'' ગિરધરભાઈ. દ્રૌપદીએ કે સીતામાતાએ સ્વયંવરમાં લક્ષ્યવેધ કે ધનુષ ઉપાડવાના બદલે લગ્નોત્સુક મૂરતિયો પાંચ કીલો વજન ઉતારે તેને વરીશ એવી શરત કરી હોત તો મહાભારત કે રાવણ વધ કરવાની જરૂરત ઉપસ્થિત થઈ ન હોત!!!!'' રાજુએ મારા કાનમાં શક્યતાનો બોમ્બ ફોડ્યો.

'' હેંહેંહેં!! શું ??'' મારો હેબતાઈ ગયેલો પ્રતિભાવ.

ભરત વૈષ્ણવ



સુરત શહેર ખાતે શાસક પક્ષના દંડક શ્રી ધર્મેશભાઈ વાણિયાવાલાના નિવાસસ્થાને પ્રદેશ અધ્યક્ષ,ભાજપા ગુજરાત તેમજ કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી,ભારત સરકાર શ્રી સી.આર.પાટીલજીએ શુભેચ્છા મુલાકાત લીધી.જેમાં સુરત શહેર ના મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ સહિત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લોકશાહીની સદનમાં ગરિમા જળવાતી નથી.

આજે આપણને એક વિચાર ચોક્કસ આવશે કે આપણે તથા આપણાં નેતાઓ લોકશાહીને લાયક છીએ ખરા?. એનું કારણ સ્પષ્ટ છે કે આપણે, જે નેતાઓને ચૂંટીને લોકસભા અને વિધાનસભામાં મોકલીએ છીએ તે નેતાઓને આપણે પારખીને મોકલ્યાં છે ખરા?. આપણે એમના બેકગ્રાઉન્ડ વિશે જાણતાં નથી, એમનાં ભૂતકાળ વિશે જાણતાં નથી કે એમના શિક્ષણ વિશે કશું જાણતા નથી. એવા નેતાઓ આપણું શું પ્રતિનિધિત્વ કરવાનાં છે.એમને તો બસ એમની ખુરસીમાં જ રસ છે. આવા અડબંગ નેતાઓ લોકસભા તથા વિધાનસભામાં જઈને કશું ઉકાળતા નથી, પરંતુ લોકશાહીને કલંકિત કરે છે. લોકસભા કે વિધાનસભામાં લોકશાહીની કોઈ ગરિમા જળવાતી નથી. આ લોકો બિભત્સ ચાળા, બૂમબરાડા, નકામો અને બીનજરૂરી બકવાશ કરે છે, સદનની કાર્યવાહી સારી રીતે ચાલવા દેતાં નથી.તાજેતરમાં જમ્મુ કાશ્મીર વિધાનસભામાં કલમ ૩૭૦ ના મુદ્દે ધારાસભ્યો વચ્ચે સ્કૂલમાં ભણતાં બાળકો જેવી હાથાપાઈ થઈ. આવા દ્રશ્યો હવે કાયમના થઈ ગયાં છે. હવે દરેક મતદારે જાગૃત થઈને સારા નેતાઓને ચૂંટવા જોઈશે, નહીં તો લોકશાહીની બેઈજ્જતી થશે એ વાત નક્કી છે.

યોગેશભાઈ આર જોશી

# સુરતના લિંબાયત ઝોનમાં દુકાનો પર પાલિકાએ ફેરવ્યું 'બુલડોઝર' : ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દબાણો હટાવાયા



સુરત પાલિકાના લિંબાયત ઝોનમાં મારૂતિનગરથી મદીના મસ્જિદ રોડ ૧૮ મીટરનો છે પરંતુ તેના પર દબાણ હોવાના કારણે આ રોડ સાંકડો થઈ રહ્યો છે. લાંબા સમયથી ફરિયાદ હતી પરંતુ તેના પરથી દબાણ દુર કરવાની કામગીરી થતી ન હતી. આ વિસ્તારમાં માથાભારે તત્વો દબાણ કરતા હોવાથી પાલિકાએ પોલીસ બંદોબસ્ત સાથે રાખીને દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરી હતી. પાલિકાએ આ દબાણ દૂર કરતાં લિંબાયત વિસ્તારમાં લાંબા સમયથી સમસ્યાનો હાલ પુરતો અંત આવ્યો છે. આ રોડ પર દુકાનોની બહાર ઓટલા બનાવાયા હતા તે જેસીબીની મદદથી તોડવામાં આવ્યા હતા. સુરત પાલિકાના લિંબાયત ઝોનમાં ટીપી સ્કીમ નંબર ૩૮ માં મારૂતિનગર ચોકથી લિંબાયત મદીના મસ્જીદ સુધીનો રોડ ૧૮ મીટરનો છે. પરંતુ આ વિસ્તારના દુકાનદારોએ દુકાન બહાર ઓટલા બનાવી દેવા સાથે બહાર દબાણ કરવા આવતા હોવાથી અડધો જ રોડ વાહન વ્યવહાર માટે ઉપયોગમા આવતો હોય આ વિસ્તારમાં ટ્રાફિકની ભારે સમસ્યા થતી હતી. જોકે, આ અંગેની ફરિયાદ બાદ પણ પાલિકા દબાણ દુર કરવાની કામગીરી કરી શકી ન હતી. આ વિસ્તારમાં માથાભારે દબાણ કરનારાઓ દબાણ કરતા હોવાથી પાલિકા દબાણ દુર કરવાની કામગીરી કરી શકતી ન હતી.લાંબા સમય બાદ આજે પાલિકાએ પોલીસ બંદોબસ્ત સાથે રાખીને દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરી હતી. પાલિકાએ દબાણ દુર કરવાની કામગીરી શરૂ કરતા કેટલાક માથાભારે તત્વોએ હોબાળો મચાવ્યો હતો જોકે, પોલીસ અને પાલિકાના સિક્યુરીટી ગાર્ડ હોવાથી આ વિરોધ વચ્ચે પાલિકાએ દબાણ હટાવવાની કામગીરી કરી હતી. આ રોડ પર માથાભારે દુકાનદારોએ દુકાન બહાર ઓટલા બનાવી દીધા હતા તે ઓટલાને જેસીબીની મદદથી તોડી નાંખવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય દબાણ અને બોર્ડ દુર કરી દેવામાં આવ્યા છે. પાલિકાએ આ દબાણ દુર કરવા હાલ પૂરતો આ રોડ પરથી દબાણની સમસ્યા હળવી થઈ છે. પાલિકાએ દબાણ કાયમી દૂર કરવા માટે આ કામગીરી સમયાંતરે કરવા માટેની વાત કરી છે.

# ભારત કુલ ઈવેન્ટ માં મનોદિવ્યાંગ આર્ટીસ્ટના ચિત્રો મુકાયા"




ગુજરાત મિડિયા ક્લબ આયોજિત ભાવ,રાગ અને તાલ ના ભારત કુલ ફેસ્ટીવલ કે જે ગુજરાત યુનિવર્સિટી ખાતે તા.૧૪ થી તા.૧૭ નવેમ્બર દરમ્યાન યોજાઈ ગયો.એમા પેઈન્ટીગ એકઝીબીઝન પણ રાખવામાં આવેલ, જેમાં જુદા જુદા આર્ટીસ્ટો ના ૧૦૦ થી વધુ પેઈન્ટીગ મુકવામાં આવેલ.આ પ્રદર્શન માં નવજીવન કલ્ચર ગુપ ફોર મેનટલી ડિસેબલ્ડ ના ત્રણ મનોદિવ્યાંગ અને સેરેબ્રલપાલ્સી ની સમસ્યા ધરાવતા વિદ્યાર્થીઓ દ્રષ્ટિ શાહ, ચિરાગ શાહ, અને વ્યોમ સોની ના બનાવેલ પેઈન્ટિંગ પણ મુકાયા હતાં.

??ચાર દિવસ મુકાયેલા તેમના આ ચિત્રો નીશ્રી નિર્ણય કપૂર, શ્રી મલ્હાર દવે, શ્રી મનિષ દોશી,શ્રી કુલિન પટેલ,શ્રી દેવેન્દ્ર પટેલ,શ્રી મયુર વાકાણી,શ્રી અભિ સીંગ, શ્રી યોગેશ ગોઠવાણી,શ્રી હરિદ્વાર ગોસ્વામી,શ્રી રૂપસિંહ રાઠોડ, ફલક અંતાણી,ધનંજયભાઈ, નીશીતાબેન,સોનલબેન ઓડેદરા,ચૈતાલીબેન શાહ જેવા આર્ટીસ્ટ એ મુલાકાત લીધી હતી અને એમના ચિત્રો ની પ્રશંસા કરી હતી. ત્રણેય આર્ટીસ્ટ ના ૩ ચિત્રો મુકેલ જેમાં થી ૨ ચિત્રો નું વેચાણ પણ થયું હતું. નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમ ના આયોજકો નો આભાર વ્યક્ત કયો હતો

# ભારતીય જનતા પાર્ટીની ગરીબ આદિવાસી અને દલિત વિરુદ્ધની માનસિકતાનો વધુ એક પરચો

ભારતીય જનતા પાર્ટીની ગરીબ આદિવાસી અને દલિત વિરુદ્ધની માનસિકતાનો વધુ એક પરચો તાજેતરમાં આપવામાં આવ્યો છે. આદિવાસી સમાજના બાળકો મેટ્રિક પછી વધારેમાં વધારે સારા કોર્સમાં અભ્યાસ કરી શકે તે માટે જયારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૧ જુલાઈ, ૨૦૧૦થી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના બનાવવામાં આવી હતી અને આ યોજના મુજબ કેન્દ્ર સરકાર ૭૫% અને ૨૫% રાજ્ય સરકારે ભોગવવાના અને યોજનામાંથી આદિવાસી સમાજના એટલે કે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે મેટ્રિક પછી અભ્યાસમાં શિષ્યવૃત્તિની યોજના જાહેર કરવામાં આવી હતી. આ યોજનાની એક મોટી બાબત એ હતી કે મેનેજમેન્ટ કોટામાં એટલે કે પેઈડ સીટ ઉપર પણ આદિવાસી સમાજનો બાળક પ્રવેશ મેળવે તો તે શિષ્યવૃત્તિને હકદાર બને. આ યોજનાના કારણે ગુજરાત અને દેશના લાખો બાળકોને મેટ્રિક પછીના અભ્યાસમાં ખૂબ મોટી સહાય શિષ્યવૃત્તિ દ્વારા પ્રાપ્ત થઈ રહી હતી. ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રમાં અને ગુજરાતમાં રહેલી સરકારે આદિવાસી સમાજના બાળકોને મળતી આ શિષ્યવૃત્તિને બંધ કરીને આદિવાસી બાળકોને ખૂબ મોટો અન્યાય કરેલો છે. ગુજરાત સરકારે તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડીને હવે પછી કોઈપણ આદિવાસી બાળક (અનુસૂચિત જનજાતિનો વિદ્યાર્થી) મેટ્રિક પછી મેનેજમેન્ટ કોટામાં એટલે કે પેઈડ સીટ ઉપર પ્રવેશ મેળવે તો તેને શિષ્યવૃત્તિ નહી આપવાનો નિર્ણય કર્યો છે. પ્રેસ અને મીડિયા સમક્ષ ગુજરાત સરકારના ૨૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ જાહેર થયેલા પરિપત્રની નકલ પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં પૂરી પાડવામાં આવી હતી.

સરકારના આ ઠરાવ મુજબ થયેલા નિર્ણયથી ગુજરાતના આદિવાસી સમાજમાંથી આવતા અનેક તેજસ્વી બાળકો મેટ્રિક પછી નર્સિંગ કોર્સ, ફાર્મસી, ડિગ્રી એન્જિનિયરિંગ, ડિપ્લોમા એન્જિનિયરિંગ, એમ.બી.એ., એમ.સી.એ., એમ.ઈ. અને એમ.ફાર્મસીથી લઈને અનેક પેરામેડીકલ કોર્સમાં મેટ્રિક પછી દાખલ થઈને શિષ્યવૃત્તિનો લાભ લેતા હતા, આવા લાભ લેનારા મેનેજમેન્ટ કોટામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ભવિષ્ય શિષ્યવૃત્તિના કારણે ભણી શકવાથી ઉજ્જવળ બનતું હતું. આવા હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યને અંધકારમય કરી દેનારો ભારતીય જનતા પાર્ટીની સરકારનો નિર્ણય સંપૂર્ણપણે નીંદનીય છે. ખાલી ટેકનીકલ કોર્સમાં જ આ વર્ષે જોઈએ તો આદિવાસી સમાજમાંથી આવતા એસટી કેટેગરીના ૩૭૦૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલો છે, જેઓને હવેથી શિષ્યવૃત્તિ નહીં મળે. પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે એક પ્રેસ કોન્ફરન્સ કરીને આ સંપૂર્ણ હકીકત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ, કોંગ્રેસના ધારાસભ્યશ્રી કાંતિભાઈ ખરાડી, પ્રદેશ કોંગ્રેસ સમિતિના એસટી (આદિવાસી) વિભાગના અધ્યક્ષ શ્રી રાજુભાઈ પારગી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી તથા પ્રવક્તાશ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ રજૂ કરી હતી અને માંગણી કરી હતી કે સરકાર તાત્કાલિક પોતાનો આ તઘલખી નિર્ણય રદ્દ કરે અને આદિવાસી સમાજમાંથી આવતા બાળકોને કોંગ્રેસના સમયથી મળતી આવતી શિષ્યવૃત્તિ પુનઃ શરૂ કરવામાં આવે.



તા.૧૯-૧૧-૨૦૨૪ સવારે ૯-૦૦થી૧૨-૦૦ દરમ્યાન જૂના વાડજ ઈન્ડિયન રેડ કોર્સ સોસાયટી ખાતે વાત્સલય સિનિયર સિટીઝન હોમમાં રહેતા સ્વર્ગસ્થ અરુણભાઈ ચોકસીના આકસ્મિત અવસાન નિમિત્તે તેમના આત્માને સદ્ ગતિ મળે તેવા ભાવ સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ જેમાં ગાયત્રી પરિવારના શ્રીપ્રવીણભાઈ પટેલ તથા સંગીત વૃંદે વૈદિક મંત્રોચ્ચાર અને ભજન સાથે યજ્ઞ વિધિ સંપન્ન કરાવી હતી સદ્ ગત આત્માને શાંતિ પ્રાપ્તિ અર્થે વાત્સલ્ય સિનિયર સિટીઝન હોમના સૌ નિવાસી,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલ,ગાયત્રી પરિવાર નારણપુરાના પરિવારજનોએ આહુતિઓ સમર્પિત કરી હતી.



ાવનગર કલા સંઘ દ્વારા દિવાળી પર્વને અનુલક્ષીને રૂપાણી સર્કલ ખાતે યોજયેલ ઓપન ભાવનગર રંગોળી સ્પર્ધામાં સ્કૂલની વિદ્યાર્થીની નિષ્ઠા ગાંધી કલાસ- ૯ ખ તૃતિય સ્થાન પ્રાપ્ત કરતા અભિનંદન સહ શુભેચ્છાઓ..

# ગાંધીનગરના દહેગામ અને માણસા તાલુકામાં મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા મહિલાઓ વિરુદ્ધ જાતીય હિંસા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લાના દહેગામ અને માણસા તાલુકાના ગામોમાં મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા હિંસા નાબૂદી, જાતિગત ભેદભાવ અને જાતીય હિંસા પરત્વે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ડુમેચા અને લવાડ તથા માણસા તાલુકાના ગલથરા ગામે મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા હિંસા નાબૂદી, જાતિગત ભેદભાવ અને જાતીય હિંસા પરત્વે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી હેઠળ આવતા ઙ્ઞઊંઈઉ, ઁજીઝ, ઁજીઝ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિભાગની વિવિધ યોજનાની તથા મહિલાલક્ષી કાયદાની સમજૂતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા દહેગામનાં ડૂમેચા ગામના સરપંચશ્રી અનિતાબેન ઠાકોર અને લવાડ ગામના દ્વારા સરપંચશ્રી ઉષાબેન ચૌહાણ દ્વારા મહિલાઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવા આહવાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જે વિધવા મહિલા લાભાર્થીઓની ગંગા સ્વરૂપા આર્થિક સહાય જેમની બંધ હતી તેમના ડોક્યુમેન્ટ લઈ પુનઃ શરૂ કરાવવા આવી હતી. વ્હાલી દીકરી યોજનાના હુકમ વિતરણ કરી "બેટી બચાઓ બેટી પઢાવો" યોજના હેઠળ દીકરી વધામણાં કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં ઈમાનદારીની મિશાલ ઊભી કરતા કંડક્ટર વિષ્ણુસિંહ ચૌહાણ




પેસેન્જરનું પૈસા ભરેલું પાકીટ પરત કરી કંડક્ટર ચૌહાણ વિષ્ણુસિંહએ માનવતા મહેકાવી

અરવલ્લીના મોડાસા ખાતે પાટણ - લુણાવાડા બસમાં પેસેન્જર પોતાનું રૂપિયા ભરેલું પાકીટ ભૂલી ગયા હતા. આ ઘટનાની જાણ બસના કંડકટર વિષ્ણુસિંહ ચૌહાણને થતાં તેમને પેસેન્જરનો સંપર્ક કરી તેમને આ પાકીટ તેમના કિંમતી સામાન સહિત સહી સલામત રીતે પહોંચાડી માનવતા મહેકાવી છે.


પાકીટ પરત મળતા પેસેન્જર એ કંડકટરનો આભાર વ્યક્ત કર્યો. ઘટના જાણનાર તમામ લોકોએ કંડકટરની આ ઈમાનદારીને બિરદાવી. આજના સમયમાં પણ આટલી ઈમાનદારી દાખવી પાકિટ પરત કરનાર વિષ્ણુસિંહ પર જિલ્લાના તમામ નાગરિકોએ ગર્વ અનુભવ્યો.

# પાકિસ્તાનમાં મોટો આત્મઘાતી હુમલોઃ ૧૭ સૈનિકોના મોત

પાડોસી દેશ પાકિસ્તાન ફરી એક વખત આત્મઘાતી હુમલાથી હચમચી ઉઠ્યો છે. પાકિસ્તાનમાં બુધવારે બપોરે ૨:૦૦ વાગ્યે એક મોટો આત્મઘાતી હુમલો થયો હતો. આતંકવાદીઓએ ઉત્તર-પશ્ચિમમાં એક સુરક્ષા ચોકી નિશાન બનાવી છે. આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા આ આત્મઘાતી હુમલામાં ૧૭ સૈનિકોના મોત થઈ ગયા છે. પાકિસ્તાન સેનાની મીડિયા વિંગે આ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું કે, આતંકવાદીઓએ ઉત્તર ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં સુરક્ષા ચોકીમાં વિસ્ફોટકોથી ભરેલા વાહનને અંદર ઘૂસાડી દીધું હતું. ત્યારબાદ જોરદાર વિસ્ફોટ થયો હતો. આ હુમલામાં ૧૭ સૈનિકોના મોત થઈ ગયા છે અને અન્ય કેટલાક ઘાયલ થયા છે.

પાકિસ્તાની સેનાએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, આ વિસ્તારમાં આતંકવાદીઓનો ખાતમો કરવા માટે ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આનાથી આતંકવાદીઓમાં ભય ફેલાયો હતો, જેના કારણે તેઓએ આ ઘૃણાસ્પદ કૃત્ય કર્યું હતું. ગુનેગારોને કોઈપણ સંજોગોમાં છોડવામાં નહીં આવશે. આ અભિયાન હેઠળ ૬ આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. જો કે સેનાએ આ હુમલા પાછળ કોનો હાથ છે તેની વિસ્તૃત વિગતો નથી આપી પરંતુ એક ઈસ્લામિક આતંકવાદી જૂથ હાફિઝ ગુલ બહાદુરે તેની જવાબદારી લીધી છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મુંબઈના ચારકોપ મતદાન ક્ષેત્રમાં મતદાન કર્યા બાદ પત્રકાર અતુલ રાવલ અને રામાનંદ સાગરની રામાયણ સિરિયલમાં દેવી લક્ષ્મીની ભૂમિકા ભજવનારા તેમના પત્ની દર્શના રાવલ. આ મતદાર ક્ષેત્રમાં ગુજરાતીઓની બહુમતી છે. લોકસભામાં વેપાર વાણિજય પ્રધાન પીયૂષ ગોયલ આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. અગાઉ, લોકસભામાં રામ નાઈક, અભિનેતા ગોવિંદાએ આ મતદાર ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કર્યું હતું.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.